# Gokuliye Gaam Nahi Aavu Re Garba Lyrics

ગોકુળયિે ગામ નહી આવું

એકવાર શ્યામ તમે રાધાને કહી દો કે
ગોકુળયિે ગામ નહી આવું રે

જમુનાનાં વ્હેણમાંથી પાણી લઈ મૂકો કે
મુરલીની તાન નહી લાવું રે
ગોકુળયિે ગામ નહી આવું રે

જમુનાનાં તીરે તમે ઊભા તો એમ જાણે
ઊભો કદંબનો ઘાટ
લીલેરી લાગણીઓ ક્યાંય ગઈ
અધૂરી રઈ ગઈ વેદનાની વાટ
ફૂલની સુવાસ તણા સૌગંધ લઈ કહી દો કે
શમણાંને સાદ નહી આવું [3]
ગોકુળયિે ગામ નહી આવું રે

આટલી અધીરતા જવામાં કેમ
જરા એક નજર ગાયો પર નાખો
આખરી વાર તો કોઈ મટુકીમાં બોળીને
આંગળીનું માખણ તો ચાખો
એકવાર નીરખીને ગામ પછી કહી દો કે
પાંપણને પાન મહી આવું રે
ગોકુળયિે ગામ નહી આવું રે

GujaratiLyrics.com